| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૬ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૮૦૫/૨૦૨૬.**
**આંકઃ ૦૬**

**અરજદાર.**
**પિયુષભાઈ મહેશભાઈ પટેલ,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ વેપાર,
રહેવાસીઃ બ્લોક નંબરઃ ૪૩, મારુતી નંદન બંગ્લોઝ,
કાંસા ગામ રોડ, વિસનગર, જિલ્લોઃ મહેસાણા.
**(હાલઃ જિલ્લા જેલ-રાજકોટ)**

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**
**શ્રી સરકાર.**

**બાબત: ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ (બીએનએસએસ કલમ ૪૮૩) અન્વયે રેગ્યુલર જામીન અરજી..**

**વકિલશ્રીઓઃઃ**
અરજદાર તરફે :- વિદ્વાન વકિલ શ્રી આર. એમ. પટગીર.
સામાવાળા તરફે :- વિદ્વાન એ.પી.પી. શ્રી એ. એ. સોસન.

**-// ચુ કા દો //-**

૧. આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેર, ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૪૦૯૯૮/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ મુજબના ગુનાના કામે ધરપકડ કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય, અરજદારે

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ (બીએનએસએસની કલમ ૪૮૩) અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની આ ચાર્જશીટ બાદની પ્રથમ અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી એ. એ. સોસન હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય આંક–૦૫ થી રજુ રાખવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

અરજદાર/આરોપી તરફે વિ. વ.શ્રી આર. એમ. પટગીર તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એ. સોસનની મૌખિક દલીલો સાંભળી.

૩. અરજદાર તરફે મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં અરજદાર/આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. હાલના ગુન્હાના કામે તપાસના અંતે ચાર્જશીટ રજુ થઇ જવા પામેલ છે જે ફોજદારી કેસ નંબરઃ ૩૫૦૫/૨૦૨૬ થી પેન્ડીંગ છે. વધુમાં અરજદારના વિદ્વાન વકિલશ્રી દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદ વંચાણે લેતા અરજદારનુ નામ દર્શાવવામાં આવેલ નથી તેમજ અરજદારે ફરિયાદી પાસેથી તેમને લલચાવી, ફોસલાવી કોઇ રકમ મેળવેલ નથી જેથી અરજદાર વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાના કોઇ જ તત્વો આકર્ષાતા નથી. વધુમાં ગુન્હાના કામે અરજદારનો સીધી કે આડકતરી રીતો કોઇ રોલ નથી. વધુમાં આક્ષેપિત ગુન્હાની સજાનો જોગવાઇ વધુમાં વધુ સાત વર્ષની છે અને ટ્રાયેબલ બાય જેએમએફસી કોર્ટ છે. અરજદારને તારીખઃ ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે

અને ત્યારથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે, નાસી–ભાગી જાય તેમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અરજદાર તૈયાર છે. આ કામે તપાસ પુર્ણ થઇ ગયેલ હોય જેથી હવે પોલીસને ઈન્ટ્રોગેશનની કોઈ જરૂરીયાત નથી. તે સંજોગોમાં તેમજ જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્ધારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ એકસંપ કરી અરજદાર/આરોપી નંબરઃ ૩ નાએ ફરીયાદીને અર્ટીગા કાર રજી નંબરઃ જીજે–૦૩–એનએફ–૦૭૧૮ સસ્તા ભાવે વેચવાની લાલચ આપી આંગડીયા મારફતે રૂા. ૩,૦૦,૦૦૦/– મેળવી આરોપી નંબરઃ ર એ રૂપીયા મળી ગયેલ છે તેમ કહી આરોપી નંબરઃ ૧ નાએ ગાડીના ટી.ટી.ઓ. ફોર્મમાં સહી કરી ફોરવ્હીલ કાર તેમજ તેના અસલ કાગળો સોપી બાદમાં તેઓને સદરહું કારનું પેમેન્ટ મળેલ નથી તેમ કહી ગાડી પરત લઇ લીધેલ હોય અને ફરીયાદીએ ચુકવેલ રૂપીયા અથવા ફોર વ્હીલ કાર પરત નહીં આપી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરીયાદી સાથે છેતરપિંડી કરી, ફરિયાદીના રૂપીયા ઓળવી જઇ ગુન્હો આચરેલ છે. વધુમાં આ કામે પેનડ્રાઈવ કબ્જે કર્યા અંગેનું પચનામું કરવામાં આવેલ જેમા ફરીયાદીએ અરજદાર/આરોપી રિંકેશ પટેલ નાઓ મુંબઈ મલાડ ખાતે આંગડીયા પેઢીમાં પૈસા લેવા ગયેલ હોય જે ફુટેજ વાળી પેનડ્રાઈવ રજુ કરતા પંચો રૂબરૂ કબ્જે કરેલ છે તેમજ સદરહુ ફુટેજમાં આરોપી ચંદ્રવદન પુજારા નાઓ આરોપી રિંકેશ પટેલ તથા ફરીયાદી સાથે ફોનમાં વાતો કરેલ હોવાનુ

જણાય આવે છે. આમ, અરજદાર/આરોપી તે મુખ્ય આરોપી છે અને એફ.આઈ.આર. માં પણ પ્રથમથી જ અરજદારનુ આરોપી તરીકે નામ દર્શાવવામાં આવેલ છે. અરજદાર વિરુદ્ધ પ્રાઈમાફેસી કેસ હોવાથી જ તપાસના અંતે ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ છે. વધુમાં અરજદાર વિરુદ્ધ અગાઉ પણ આવાજ પ્રકારના ગુન્હાઓ નોંધાયેલ હોવાનુ તપાસ કરનાર અમલદારે તેમના અભિપ્રાયમાં જણાવેલ છે. વધુમાં આવા પ્રકારના ગુન્હાઓનુ પ્રમાણ સમાજમાં ખુબજ વધી રહેલ હોય, જો અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો સમાજમાં આવા ગુન્હાઓ આચરતા વ્યક્તિઓને પ્રોત્સાહન મળે તેમ હોય અને તેઓને કાયદાનો કોઈ ડર રહે તેમ ના હોય, જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા અરજી અન્વયેના રીપોર્ટથી જે હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યક્તિગત

સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક-૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળા સરકારશ્રી તરફે રજુ થયેલ આંક-૦૫ નો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો સાંભળી. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

૬/૧. ચાર્જશીટના પેપર્સ વંચાણે લેતા આરોપીઓએ એકસંપ કરી અરજદારે ફરીયાદીને અર્ટીગા કાર રજી નંબરઃ જીજે-૦૩- એનએફ-૦૭૧૮ સસ્તા ભાવે વેચવાની લાલચ આપી, અરજદારે રૂપીયા ત્રણ લાખ ફરિયાદીને આંગડીયા મારફતે મુંબઇ મોકલવાનુ જણાવતા, ફરિયાદીએ રૂા. ૩,૦૦,૦૦૦/- આંગડીયા મારફતે મોકલતા તે રકમ આરોપી નંબરઃ ૨ એ મળી ગયેલ છે તેમ જણાવેલ અને આરોપી નંબરઃ ૧ નાએ ગાડીના ટી.ટી.ઓ. ફોર્મમાં સહી કરી ફોરવ્હીલ કાર તેમજ તેના અસલ કાગળો ફરિયાદીને સોપી બાદમાં આરોપીઓને સદરહું કારનું પેમેન્ટ મળેલ નથી તેમ ફરિયાદીને કહી ફરિયાદી પાસેથી ગાડી પરત લઇ ચુકવેલ રૂપીયા પરત નહીં આપી તે રકમ ઓળવી જઇ આરોપીઓએ ફરીયાદી સાથે છેતરપિંડી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ

૪૨૦ મુજબનો ગુન્હો આચરેલ હોવાના આક્ષેપ છે.

૬/૨. આ કામે તપાસના અંતે ચાર્જશીટ રજુ થઇ ગયેલ છે જે ફોજદારી કેસ નંબરઃ ૩૫૦૫/૨૦૨૬ થી પેન્ડીંગ છે.

૬/૩. આરોપીની આ પ્રથમ જામીન અરજી છે તેમજ અરજદાર/આરોપીને તારીખઃ ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી કસ્ટડીમાં છે.

૬/૪. અરજદાર વિરુદ્ધના ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લેતા અરજદારને ચોક્કસ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ હુ માનુ છુ.

ઉપરોકત હકીકતોએ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક ડીસ્ક્રેશન વાપરવું યોગ્ય અને ન્યાયિક જણાતુ હોઈ અરજદાર/આરોપીની જામીન અરજી અંગેન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-:: આ ખ રી હુ ક મ ::-**

**૧.** અરજદાર/આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **પિયુષભાઇ મહેશભાઇ પટેલ,** રહેવાસીઃ બ્લોક નંબરઃ ૪૩, મારુતી નંદન બંગ્લોઝ, કાંસા ગામ રોડ, વિસનગર, જિલ્લોઃ મહેસાણા વાળાએ રૂા. ૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી તેઓને રાજકોટ શહેર, ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ

સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૪૦૯૯૮/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ મુજબના ગુન્હામાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ (ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯) અન્વયે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

// <u>શ ર તો</u> //

**૧) ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપી જે જગ્યાએ રહેવાના છે તે જગ્યાનુ સંપુર્ણ સરનામુ લેખિત પુરસીસથી દસ્તાવેજી આધાર પુરાવા તથા ફોન નંબર સાથે તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કરવુ અને તેમાં સંબંધિત કોર્ટની પરવાનગી વગર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.**

૨) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

૩) અરજદાર/આરોપીએ તેઓની વિરુદ્ધના કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

– જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

– હુકમ અંગેની જરુરી યાદી કરવી.

હુકમ, આજ તારીખઃ ૧લી, માહેઃ એપ્રિલ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૧/૦૪/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.
(<u>**UID:GJ00609**</u>)

*//phb//*